Dt. 05/04/2024

Issue : 8

# OAJATVA

A Magazine by OAJ EDUCATION SYSTEM



OAJATVA
A Magazine by OAJ EDUCATION SYSTEM



*Dedicated to Almighty God*

**OAJ INSTITUTE OF SCIENCE**

**Publisher : *N. D. Dave***
Chairman & Founder
Oaj Institute of Science
Bhavnagar.

**Editor : *Dhiren Soni***
Managing Director
Oaj Institute of Science
Bhavnagar.

## : Chief Advisor :

***Jignasha Mehta***

## MEMBERS :

| | |
|---|---|
| Expert Column : | **Omkar Sir** |
| Tech Bar : | **Arjun Sir** |
| Ramanujan : | **Bhavesh Sir** |
| Art Corner : | **Arjun Sir** |
| ઓજસ્વીની કલમ : | **Dhruvit Sir** |
| Think-A-Thon | **Hiren Sir** |
| સંભારણું : | **Jignasha Ma'am** |
| માહિતીનો મહાસાગર : | **Darshan Sir** |
| Unknown Freedom Fighter | **Dhruvit Sir** |
| Life Value | **Omkar Sir** |

# INDEX



| No. | Content | Page No. |
|---|---|---|
| 1. | A Message from Chairman's Desk | 1-1 |
| 2. | Expert's Column | 2-3 |
| 3. | Tech bar | 4-9 |
| 4. | Ramanujan's Corner | 10-10 |
| 5. | Art Corner | 11-13 |
| 6. | ઓજસ્વીની કલમ | 14-17 |
| 7. | Achievement | 18-20 |
| 8. | માહિતીનો મહાસાગર | 21-26 |
| 9. | Think-A-Thon | 27-28 |
| 10. | Unknown Freedom Fighter | 29-29 |
| 11. | Life Values | 30-34 |
| 12. | સંભારણું | 35-35 |
| 13. | A Message from M.D's Desk | 36-36 |

પ્રિય વાચક મિત્રો,
નમસ્કાર,



कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूः मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥

આપનો,
નિરવ દવે
ચેરમેન & ફાઉન્ડર,
ઓજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ

# *Expert's Column*

## "Patience + Hard work + Perseverance = Success"

My beloved students, have you ever experienced the time, when you are putting so much efforts in your studies but still end up getting poor grades or marks that you never thought of…?

Then here is a story for you.

A story that leads to **success**…

A story of **patience**, **hard work**, **perseverance** in **education**…

**In ancient times**, Children were sent to Gurukul to study. Students used to study under their Guru's guidance while staying in Gurukul. One boy **Varadraja** was also sent to Gurukul to study. Soon, he got friendly with other students in Gurukul but he was very weak in studies. He would do daily chores diligently but anything that Guru ji taught, was poorly understood by him and for this reason he was often ridiculed by others. At year end, all his classmates were promoted to next class but he couldn't make it.

Guru ji finally gave up and said to him, "Son, Varadraja, I have tried everything and made all efforts to help you to learn but still you can't understand anything. So, it's better for you to go home and help your family with household work."

Varadraja also thought that perhaps studies in not something that he can do and with heavy heart left for his home. It was afternoon time. He started feeling thirsty, so he went around looking for some water. Looking around, he found that some women were filling water from a well. He went near well to drink some water. When he got near well, he saw some marks on solid stone kept near well which were used under rope to draw water from well.

He asked woman, "How did you made this mark?"

Woman replied, "Son, we didn't make this mark. It's there because of this soft rope repeatedly used over it while drawing water from well. Repeated use of rope made such marks on this stone."

Listening to this Varadraja got into thinking. He pondered that **when repeated movement of a soft rope can make deep marks on such solid stone then why can't I Learn with Constant Practice.**

Thinking this, Varadraja went back to Gurukul with a lot of enthusiasm and started studying tirelessly. Guru ji was also happy to see him working hard and cooperated fully. After a few years, this boy **Varadraja became a great scholar of Sanskrit grammar who composed Siddhantakumudi, Madhyasiddhantakumudi, Sarasiddhantakamudi.**

**So dear students: Patience**, **Hard work** and **Perseverance are the factors which will lead you to success** in **education or in sports or any field in life**. **So be the person who never gives up easily.** One cannot succeed without practice. If you will be sitting on mere luck without practice then at the end you will be left with nothing but regret.



*- By Arjun Vaghela*
*(Science Faculty)*

# Tech bar

## Milky Way Galaxy

### ◈ Milky Way Galaxy



**What is Milky Way?**

– The Milky way is a huge collection of stars, dust and gas.

– It's called a spiral galaxy because if you could view it from the top or bottom, it would look like a spinning wheel.

– The sun is located on one of the spiral arms, about 25,000 light years* aways from the center of the galaxy. Even if you could travel at the speed of light (3,00,000 km or 186000 miles per sec.), it would take you about 25,000 yrs to reach the middle of the milky way.

### ◈ Milky Way




– It we could travel ouside our galaxy and look back, this what our milky way galaxy might look like from above. An artist created this illustration using data collected by astronomers.

**The Milky Way :**

– The Milky way gets its name from a Greek myth about the goddess hera who sprayed milk across the sky. In other parts of the world, our galaxy goes by other names. In china it's called the **"Silver River"** and in the kalahari desert in Southern Africa, it's called the **"Backbone of Night".**

## ◈ Side View of Milky Way



– This is what the Milky way might look like from the side. It's like a giant disk with a bump like in the middle.

– Without a telescope*, we can see about 6,000 stars from Earth. That may seem like a lot of stars, but it's actually only a small part of the whole. If you think of the entire galaxy as a giant pizza, all the stars you can see from Earth fall within about one pepperoni on that pizza. In fact, for every star you can see, there are more than 20 million you cannot see. Most of the stars are too faint, too far away or blocked by clouds of cosmic dust.



## ◈ Spinning Galaxy



- This is what the Milky way Galaxy looks like from Earth. Have you seen it in the night sky?
- If you could see our Galaxy*. From the side, it would look like a huge, thin disk with a slight bump in the center. This flat shape is caused by the galaxy spinning around. Everything in our spinning galaxy would fly off into space if it weren't for the force of gravity.



- Imagine if the milky way Galaxy is a pepperoni pizza.
- All the stars that we can see from Earth are only withine one pepperoni :



- By Krisha Gohil (8th - E)



- By Nirali Pandya (8th - E)



- By Yashvi Patel (8th - E)


# STEM CELLS

## ◈ Why in the News?

– A team of scientists have created the first synthetic human embryo-like structures in the world **using stem cells.**

**About Discovery**

- These synthetic embryos **resemble natural embryos** in the earliest stages of human development.
- They **lack a beating heart or the beginnings of a brain but, they contain cells** that would give rise to the placenta, yolk sac etc.
- **Benefits of Synthetic Embryo**
  – **Understanding** the impact of **genetic disorders.**
  – **Biological** reasons behind recurrent **miscarriages.**
  – **Genetic, epigenetic, and environmental effects** on a developing embryo.
  – Understanding the **"black box of human development"**, the period before a pregnancy's progress can be detected on a scan.




## ◈ About Stem Cell

- A cell with the unique ability **to develop into specialised cell types in the body.**
- **Provide new cells for the body** as it grows, and replace specialised cells that are damaged or lost.
- **Two unique properties:**
  – Can divide over and over again to produce new cells.
  – As they divide, they can change into the other types of cell that make up the body.
- **Regenerative Medicine (RM) Research revolves around the use of stem cells,** like embryonic, adult, and induced pluripotent stem cells (iPS).
  – RM is the **process of replacing or "regenerating" human cells, tissues or organs to restore or establish normal function.**
- **Applications of Stem cells ?**
  – **Understanding** nature of **disease.**
  – **Stem cell therapy (SCT): Introducing new stem cells into damaged tissue.**

## ◈ It could be-

- **Autologous transplantation** (uses the patient's own stem cells)
- Allogeneic transplantation (uses stem cells from a donor).
  – Toxicology (drug side effects): In clinical research to assess the impact of the drug.
- In India, **ICMR has released the National Guidelines for Stem Cell Research (NGSCR) 2017** for the ethical and scientific conduct of stem cell research through guidelines for stem cell research.



## Related Development

**Chimera**

- **World's first Live Birth of Chimeric Monkey** was reported in China with two sets of DNA.
- A **chimera is a single organism composed of cells** of more than one distinct genotype (or genetic makeup).
- **Major types of chimera:**
  - **Natural:** Animal kingdom has several examples of varying degrees of chimerism, including humans.
    - For instance, the **traces of the foetus's genetic material** are **observed in mothers' tissues many years after childbirth (Micro-chimerism).**
  - Artificial-It can be done through stem cell transplant or bone marrow transplant.





*- By Khushi Popat*
*(9th - E)*

# Ramanujan's Corner

## THE SIX MATCHES

Show in the sketch are **six** matchsticks.



Can you **rearrange** them to make **nothing**?

## THREES TO MAKE THIRTY –ONE

Can you write 31 using only the digit 3 five times ?



- *By Krushnakumar Rathod*
*(9th - E)*

# Art Corner










- By Hasti Raval
($9^{th}$ - E)







- By Purvarajsinh Parmar
(8th - G)




- By Prutha Parmar
(8th - E)



- By Janki Donda
(8th - E)







- By Diya Andharia
(9th - E)





- By Preksha Daftary
(8th - E)

# ઓજસ્વીની કલમ

# Murder of Man

**CHAPTER -1**

**PART-3 : Final Destination**

રાત્રે 12:30 a.m. જયારે સમ્રગ લંડનમાં અંધારું છવાઈ જાય છે. ઓફીસર સેમ પોતાની કારમાં બેસીને નોર્થ ઈસ્ટ તરફ નીકળે છે. આમ, તો લંડન સીટીનો એ ભાગ ખૂબ જ સુમસામ અને ભયંકર છે. લોકો તેને ભૂત-પ્રેતનું સ્થાન કહે છે. સેમ રસ્તામાં પોતાની કાર લઈને જઈ રહયો હતો. ત્યારે અચાનક તેની ગાડીનું ટાયર પંચર થઈ જાય છે. અને તેની ગાડીનું એન્જિન બંધ થઈ જાય છે. તે ગાડીની બહાર નીકળીને ગાડીને જોરથી કીક મારે છે. આજુબાજુ તે જુએ છે. કયાંય એકપણ ગેરેજ દેખાતું નથી. માત્ર ને માત્ર ઝાડી ઝાંખરા જ છે. તેથી તે નિરાશ થઈ જાય છે. અને ગાડીના બોનટ પર બેસી જાય છે.

અચાનક, તેને રોકકળનો અવાજ ચારેય બાજુથી સંભળાય છે અને બીજી જ ક્ષણે તે અવાજ ભયંકર રાક્ષસી હાસ્યમાં પરિવર્તિત થઈ જાય છે. શરૂમાં તો તે કાંઈ સમજી શકતો નથી. પરંતુ તે પોતાના પોકેટમાંથી કંપાસ લઈને પોતાના હાથમાં ધરે છે. ને તરત તે સમજી જાય કે હવે તેના મરવાનો વારો આવ્યો છે.

"કોણ છે તું? શા માટે આટલા બધા લોકોને તું મારી રહ્યો છે? જો તારામાં દમ હોય તો અહીં મારી સામે આવ" સેમ ખુબ ગુસ્સાથી બોલ્યો.

"તો હવે મને લાગે છે કે મારે તને ઉપરનો માર્ગ દેખાડવો પડશે હા .... હા .... હા ...." વિચિત્ર અવાજ બોલે છે.

એટલું જ સંભાળતા સેમ પાછળ ફરીને ભાગવાની કોશિશ કરે છે પણ તે ભાગી નથી શકતો તેના હાથ પગ સૂન થઈ જાય છે. તે તેની બાજુમાં જુએ છે તો તેને માત્ર એક વ્યક્તિ દેખાય છે. તે તેને Help .... Help .... કરીને બોલાવે છે. ત્યાં તો તે વ્યકિત ગાયબ થઈ જાય છે. સેમ જયારે પાછળ ફરીને જોવે છે. ત્યારે તે વ્યકિત તેની બાજુમાં આવી જાય છે અને તે કોઈ માણસ નથી હોતું પરંતુ એક પ્રેત હોય છે. તેના ચેહેરાની ડાબી બાજુ નખના નિશાનો આંખ ગાયબ અને ફાટેલા કપડાઓ અને તેમાંથી સતત લોહી વહી રહ્યું હતું. તેના હાથના નખ પણ 3 ઈંચ લાંબા હતા. અને તે સેમની સામે મરક-મરક હસી રહ્યું હતું. હજી સેમ કંઈ વિચારે તે પહેલા તેના પેટમાં પ્રેત ખૂબ જ જોરથી નખનો હુમલો કર્યો અને સેમના શરીરમાંથી લોહીની ધાર થવા માંડે છે.

ત્યારે ભૂત(પ્રેત) રડતા રડતા બોલે છે.

"Mr. Sam betwood હવે તારો ખેલ ખતમ"

તેવી કહેતા જ તે ગાયબ થઈ જાય છે અને એમના ચહેરા પર ડાબી બાજુ નખના નિશાન બની જાય છે. અને જમણી આંખ ફુટી જાય છે એમ ગાડીની સામે ઢળી પડે છે. અને તેના હૃદયના ધબકારા બંધ પડી જાય છે.

બીજી જ સેકન્ડે પ્રેત તેના પર પગ મૂકીને તેની છાતીમાંથી તેનું કાળજું લઈને ખાઈ રહ્યો હોય છે અને પછી ખૂબ જ જોર-જોરથી રડે છે અને ચીસો પાડે છે.

******

તો વાર્તા પુરી. ના, હજી તો શરૂઆત છે? ભૂત કેમ આવું બધુ કરી રહ્યો છે? શા માટે તે બધાને મારી રહ્યો છે ? તે માટે CHAPTER-2 : In past માં આપણે ગોતા મારવા પડશે.



- By Yug Vaghela
(9th - G)

# "તું ઓજસ્વી છો"

નફરતને પ્રેમ વડે હણનાર
તું હેતસ્વી છો,
અંધકારને દીપ વડે પ્રકાશ આપનાર
તું તેજસ્વી છો,
મૂર્ખોને તપ કરાવનાર
તું તપસ્વી છો,
દુ:ખીયારાને સુખી કરનાર
તું યશસ્વી છો,
સર્વમાં શ્રેષ્ઠ બનનાર
તું ઓજસ્વી છો !



- By Hetasviba Gohil
(9th - G)

# "તરી જવાના"

પ્રિલિમમાં હોય દેખાવ ભલે પાંગળો,
પણ વાર્ષિકમાં તમે વરસી જવાના.
નીચા પરિણામથી નિરાશ હોય વડિલો,
પણ છેલ્લે તે અચરજ પામી જવાના.
પાડયો છે પરસેવો પરિણામ માટે,
ઊંચી સિદ્ધિને તમે આંબી જવાના.
મહેનત કરી છે મન મૂકીને તમે,
તેથી તો બાજી તમે મારી જવાના.
છો ભલે બાલિશ અત્યારે તમે,
ઘડતર કર્યું છે અમે તમે ઘડાઈ જવાના.
વિદ્યાર્થી મટી મોટા થાઓ ત્યારે,
પંડિત બની તમે પંકાઈ જવાના.
સંસાર - સાગર છે ભલે ઊંડો,
વગર વહાણે તમે તરી જવાના...



- *By Retubha Gohil*
*(PT Teacher)*

# "શ્રીરામ"

આજ અયોધ્યા ખુશીથી હરખાયું છે,
રામના આગમનથી છલકાયું છે.
આખરે જુદાઈના દિવસો પૂરા થતાં,
હોઠો પર મીઠું સ્મિત મલકાયું છે.
હૃદય આનંદિત થઈ ઉઠ્યું જુઓ,
ચારેકોર વાતાવરણ બદલાયું છે.
મંગળ ઘડીના સાક્ષી બનવાને,
હરખ ઘેલું પરિસરમાં ફેલાયું છે.
અનેરો સ્વાગત કરવાને આજે,
માનવ મહેરામણ ઊભરાયું છે.
રામ, સીતા, લક્ષ્મણ સંગ હનુમાન
ઉત્સાહપૂર્વક અવધ પાછા ફર્યા છે.
ઋણ ચૂકવવા માટે મંદિર સાથે,
જટાયુનું ત્યાં પૂતળું મુકાયું છે.
રામ નામની ધૂનમાં મસ્ત થઇ,
સૌએ શ્રદ્ધા સાથે માથું ઝૂકાવ્યું છે.
રામ નામનો મહિમા અનેરો,
સૌએ છુટા હાથે ધન લુટાવ્યું છે...



- By Priyanshi Gajjar
(9th - G)

# Achievement



# NSO 2023-24 LEVEL-2 RESULT

## OAJ INSTITUTE OF SCIENCE

NATIONAL SCIENCE OLYMPIAD (NSO) 2023-24

CONDUCTED BY - SCIENCE OLYMPIAD FOUNDATION

Congratulations



IR 9

PAL VAGHASIYA

A Group STD :-12th



IR 44

TAPAN SANGHANI

A Group STD :-12th



IR 57

MAYUR BHAYANI

A Group STD :-12th



IR 70

RUDRA VAVADIYA

A Group STD :-12th



IR 100

DARSHIL JANI

A Group STD :-12th

OAJ

Dedication • Honesty • Transparency ®

OAJ

# IEO 2023-24 LEVEL-2 RESULT

## OAJ INSTITUTE OF SCIENCE

**INTERNATIONAL ENGLISH OLYMPIAD (IEO) 2023-24**
**CONDUCTED BY - SCIENCE OLYMPIAD FOUNDATION**

Congratulations



IR 442

**TAPAN SANGHANI**

STD :-12th



IR 487

**KESHAV POPAT**

STD :-7th

Dedication • Honesty • Transparency ®

OAJ

OAJ INSTITUTE OF SCIENCE

# માહિતીનો મહાસાગર

## રવિવારે જ રજા કેમ?

હાશ ! કાલે રવિવાર છે અને રજા છે આ વાક્ય દર શનિવારે સંભળાય છે સાથે ખુશીની લહર પણ મનમાં દોડી જતી હોય છે. સતત છ દિવસ સુધી કામ કરી મન અને તન તાજગી માગતું હોય છે. હાથ અને દિવાલો પર લાગેલી ઘડીયાળ સિવાય દિમાગમાં પણ એક ઘડિયાળ સતત ચાલતી હોય છે અને તે રાહ જોતી હોય છે રવિવારની રજાની. રવિવાર આવવાની કલ્પનાથી જ લોકોના મનમાં તાજગી અને પ્રસન્નતાના ઘોડા દોડવા લાગે છે. પૂરા અઠવાડીયામાં તમામ ભાગદોડ બાદ રવિવાર એવો દિવસ હોય છે, જે દિવસે મોટાભાગના નોકરીયાત, ધંધાર્થીઓને રજા મળે છે. વિદ્યાર્થીઓ તો રવિવારની રાહ જોતા હોય છે. પરંતુ, ક્યારે એ વિચાર્યું કે રવિવારની રજા પાછળ શું કારણ છે?

રવિવારની રજા પાછળ ઘણી કથાઓ પ્રચલિત છે. ભારતમાં જે સૌથી વધારે પ્રચલિત છે, તે આંદોલન અને સંઘર્ષમાંથી રવિવારની રજાનું અસ્તિત્વ આવ્યું છે. અને એટલું જ નહીં રવિવારના દિવસે રજા અપાવનાર વ્યક્તિના સન્માન માટે ભારત સરકારે તેના નામની પોસ્ટ ટિકિટ પણ બહાર પાડેલી છે.

જે વ્યક્તિના કારણે ભારતીયોને રવિવારે રજા મળી છે તેમનું નામ છે નારાયણ મેઘાજી લોખંડે. તેમને ભારતમાં કામદાર આંદોલનના પ્રણેતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

નારાયણ લોખંડે જ્યોતિરામ ફુલેના સત્યશોધક આંદોલનના કાર્યકર્તા હતા તથા કામદારોના નેતા પણ હતા. 19મી સદીમાં ટેક્સટાઈલ મિલોમાં મજૂરોની પરિસ્થિતિ સુધારવામાં તેમનું યોગદાન મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ફુલેએ નારાયણ લોખંડેની મદદથી 'બોમ્બે મિલ હેન્ડ્સ એસોસીએશન' નો પ્રારંભ કર્યો હતો. અંગ્રેજોએ પ્રસ્તાવ ન સ્વીકારતા શરૂ થયું 7 વર્ષ લાંબુ આંદોલન.

સાતેય દિવસ મજૂરોને કામ કરવા અંગે નારાયણ લોખંડેનું એવું માનવું હતું કે, 'અઠવાડિયામાં સાત દિવસ આપણે પરિવારની જરૂરિયાતોને પૂરી કરવા માટે કામ કરીએ છીએ. પરંતુ જે સમાજના કારણે આપણને નોકરીઓ મળી છે, તે સમાજની સમસ્યાઓને દૂર કરવા માટે મજૂરોને અઠવાડિયામાં કોઈ એક દિવસની રજા મળવી જોઈએ. અઠવાડિયામાં કોઈ એક દિવસ રજા મળવી જોઈએ તે અંગે લોખંડેએ અંગ્રેજ સત્તા સામે પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ અંગ્રેજ સરકાર આ પ્રસ્તાવ માનવા તૈયાર નહોતી. રજૂઆતો દ્વારા માંગ ન સંતોષાતા છેવટે નારાયણે લોખંડેએ અઠવાડિયાની એક દિવસની રજા માટે આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલન ધીમે-ધીમે ઉગ્ર બનતું ગયું હતું. અંદાજીત 7 વર્ષ આ આંદોલન ચાલ્યું હતું.

અંતે અંગ્રેજો આંદોલન સામે ઝૂકયા હતા અને 10 જૂન, 1890ના રોજ રવિવારની રજાની જાહેરાત કરી હતી. રવિવારના દિવસની રજા દાખલ કરવાનું આમ સૌપ્રથમ શ્રેય નારાયણ મેઘાજી લોખંડે આપવામાં આવે છે. અંગ્રેજી હુકુમતનું શાસન હતું ત્યારે સૌથી દયનીય હાલત મજદૂરોની હતી. મજદૂરોને સાતેય દિવસ કામ કરવું પડતું હતું. તેમને અડધા દિવસની રજા પણ ન અપાતી. નારાયણ મેઘાજી લોખંડે કે જે મજદૂરોના લીડર હતા. તેણે 1881 માં બ્રિટીશ શાસનની સામે રવિવારની રજાનો પ્રસ્તાવ રાખ્યો હતો. તે પ્રસ્તાવમાં પાંચ માંગણી કરવામાં આવી હતી.

(1) રવિવારના દિવસે સાપ્તાહિક રજા આપવામાં આવે.

(2) ભોજન માટે વિશ્રાંતિ સમય આપવામાં આવે.

(3) કામના કલાકો નિશ્ચિત કરવામાં આવે.

(4) કોઈ મજદુરની સાથે કામના સમયે દુર્ઘટના ઘટે તો તેને વેતનની સાથે રજા આપવામાં આવે.

(5) કોઈ પણ મજદૂરનું કામના સમયે મૃત્યુ નીપજે તો તેના પરિવારને પેન્શન આપવામાં આવે.

પરંતુ અંગ્રેજ હુકૂમતે તે પ્રસ્તાવ સ્વીકાર્યો નહિ. ત્યાર બાદ નારાયણ મેઘાજી લોખંડે દ્વારા આંદોલન શરૂ થયું. અને આંદોલન 7 વર્ષ સુધી ચાલ્યું. આ આંદોલનના પરિણામે 10 જુન 1890 માં રવિવારની રજાનો પ્રસ્તાવ અંગ્રેજ સત્તા દ્વારા સ્વીકારવામાં આવ્યો. નારાયણ મેઘાજી લોખંડેનું માનવું હતું કે, શ્રમિકોને, જે નોકરી મળી છે તે સમાજના કારણે જ મળી છે. દરેક વ્યક્તિ જે નોકરી કરે છે તેને એક દિવસનો સમય સમાજ સેવાના કાર્યો માટે મળવો જોઈએ.

હિંદુ ધર્મ અનુસાર રવિવાર એટલે સૂર્ય દેવનો દિવસ. સૂર્ય દેવને બધા ગ્રહોનો સ્વામિ માનવામાં આવે છે. આ દિવસે પૂજા કરવાથી બધા કષ્ટો દૂર થાય છે. રવિવારની રજા પાછળની આ ચુસ્ત ધાર્મિક માન્યતાને ધ્યાનમાં લઈ દેશમાં રવિવારની રજા નિશ્ચિત કરી દેવામાં આવી.

સંયુકત રાષ્ટ્સંઘે પણ સ્વીકાર્યું કે રવિવાર જ રજાનો દિવસ આવશ્યક છે. આ સંસ્થાએ 1986 માં આંતરરાષ્ટ્રીય સ્તર પર રવિવારની રજા લાગુ પાડી.

આજનો રવિવાર પૂરો થવા આવ્યો છે હવે આવતા રવિવારની ઉલ્લાસપૂર્વક રાહ જુઓ.

**માહિતી સ્ત્રોત:**

રોબર્ટ ઈલિંગવર્થ અને એલિઝાબેથ હોપકિંસનું પુસ્તક 'ઈફ ઈટ ઈઝ હોલિડે, ધીસ મસ્ટ બી સંડે'

નીચે નારાયણ લોખંડેની સ્મૃતિમાં બહાર પાડેલ ટપાલ ટિકિટ છબી:







*- By Jignasha Mehta*
*Tattvam Principal*

# અષ્ટચિરંજીવી

**अश्वत्थामा बलिर्व्यासो हनूमांश्च विभीषणः।**
**कृपः परशुरामश्च सप्तएतै चिरजीविनः॥**
**सप्तैतान् संस्मरेन्नित्यं मार्कण्डेयमथाष्टमम्।**
**जीवेद्वर्षशतं सोपि सर्वव्याधिविवर्जित।।**


આ શ્લોકની પહેલી બે પંક્તિઓ પ્રમાણે અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ આ સાત ચિરંજીવી છે. તેના પછીની પંક્તિનો અર્થ એ છે કે, આ સાત સાથે માર્કંડેય ઋષિના નામનો જાપ કરવાથી વ્યક્તિ નિરોગી રહે છે અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરે છે.




**અશ્વત્થામા:-** મહાભારત પ્રમાણે ગુરુ દ્રોણાચાર્યના પુત્રનું નામ અશ્વત્થામા હતું. દ્વાપર યુગમાં થયેલાં યુદ્ધમાં અશ્વત્થામાએ કૌરવો તરફથી યુદ્ધ કર્યું હતું. તે સમયે અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું હતું. જેને તે પાછું લઈ શકયો નહીં. જેના કારણે શ્રીકૃષ્ણએ તેને પૃથ્વી ઉપર ભટકતા રહેવાનો શ્રાપ આપી દીધો.





**રાજા બલિ:-** રાજા બલિ ભકત પ્રહલાદના વંશજ છે. ભગવાન વિષ્ણુના અવતાર વામનદેવને પોતાનું બધું જ દાન કરી દીધું હતું. તેમની દાનશીલતાથી પ્રસન્ન થઇને ભગવાન વિષ્ણુ તેમના દ્વારપાળ બની ગયાં હતાં.





**વેદ વ્યાસ:-** વેદ વ્યાસ ચારેય વેદ ઋગ્વેદ, અથર્વવેદ, સામવેદ અને યજુર્વેદનું સંપાદન કર્યું હતું. તેમનું પૂર્ણ નામ કૃષ્ણ દ્વૈપાયન છે. તેમણે 18 પુરાણોની પણ રચના કરી છે. વેદ વ્યાસ, ઋષિ પરાશર અને સત્યવતીના પુત્ર હતા.




**હનુમાન:-** ત્રેતાયુગમાં અંજની અને કેસરીના પુત્ર સ્વરૂપે હનુમાનજીનો જન્મ થયો હતો. હનુમાનજી માતા સીતાની શોધમાં લંકા સુધી પહોંચી ગયાં. દેવી સીતાને શ્રીરામનો સંદેશ આપ્યો હતો, જેથી પ્રસન્ન થઈને સીતાએ તેમને અજર-અમર રહેવાનું વરદાન આપ્યું હતું.




**વિભીષણ:-** રાવણના નાના ભાઈ વિભીષણને પણ ચિરંજીવી માનવામાં આવે છે. વિભીષણે ધર્મ-અધર્મના યુદ્ધમાં ધર્મનો સાથ આપ્યો હતો. વિભીષણે રાવણને ખૂબ જ સમજાવ્યો હતો કે તે શ્રીરામ સાથે યુદ્ધ કરે નહીં, પરંતુ રાવણ માન્યો નહીં. રાવણના વધ પછી શ્રીરામે વિભીષણને લંકા સોંપી દીધી હતી.




**કૃપાચાર્ય:-** મહાભારતમાં કૌરવ અને પાંડવોના ગુરુ કૃપાચાર્ય જણાવ્યાં છે. તેઓ પરમ તપસ્વી ઋષિ છે. પોતાના તપના બળે તેમને પણ ચિરંજીવી માનવામાં આવ્યાં છે.




**પરશુરામ:-** ભગવાન વિષ્ણુ દસ અવતારોમાંથી છઠ્ઠો અવતાર પરશુરામ છે. પરશુરામના પિતા ઋષિ જમદગ્નિ અને માતા રેણુકા હતી. તેમનું મૂળ નામ રામ હતું. રામના તપથી પ્રસન્ન થઈને શિવજીએ તેમને પરશુ ભેટમાં આપ્યું હતું.




**ઋષિ માર્કંડેય:-** સપ્તચિરંજીવીઓ સાથે જ આઠમા ચિરંજીવી ઋષિ માર્કંડેય છે. માર્કંડેય અલ્પાયુ હતાં. તેમણે મહામૃત્યુંજય મંત્રની રચના કરી અને તપ કરીને શિવજીને પ્રસન્ન કર્યાં. શિવજીના વરદાનથી તેઓ ચિરંજીવી થઈ ગયાં.



*- By Shree Ram Joshi*
*(Science Faculty)*

# બચાવો ! બચાવો ! બચાવો !

## પક્ષીઓને બચાવો

"आज से जीवन में एक नया नियम बनाये,
पक्षियों को भी अपने घर का सदस्य बनाये।"

આજે મશીનના અવાજમાં પક્ષીઓનો કલબલાટ પક્ષીઓની પુકાર કોણ સાંભળશે કે, હે માણસ મારી રક્ષા કર મને લુપ્ત થતી અટકાવ.



ચકલી, મોર, કાગડો, ગીધ, કબુતર, તેતર, સારસ, ઈમુ, ઘંટી-ટાંકણો, લક્કડખોદ, હોલો, ગુંજન વગેરે. આ નામ આપણે કદાચ સાંભળ્યા હશે અને આમાંથી કદાચ એકાદ બેને જોયા હશે ..... પણ .... અગર જે હવે રહ્યા છે એને પણ નહિ બચાવીએ તો આવનારી પેઢીઓ આ પક્ષીઓને ખાલી તસ્વીરમાં જ જોય શકશે.

⇒ **શું કરવું?**

- પાણી અને ચણનાં વાસણ મુકવા અને તેને સમયસર ધોવા.
- વધુમાં વધુ વૃક્ષો રોપવા.
- કોઈપણ માળામાં કોઈ પક્ષી કે તેના બચ્ચાં છે કે નઈ તે જોયા વગર તે ફેંકી ન દેવો.
- બેઠેલા પક્ષીઓને હેરાન કરીને ઉડાડી દેવા ન જોઈએ.

તો ચાલો સાથે મળીને આ માસુમ પંખીઓને બચાવીએ, અને ખાલી ઉત્તરાયણના દિવસે જ નહી પરંતુ દરરોજ પોતાને યાદ અપાવીએ કે પક્ષીઓમાં પણ જીવ છે. આ વાંચ્યા પછી આજુ-બાજુનાં લોકોને પણ સમજાવીએ....



*- By Janvi Vyas*
*(9th - E)*

# Think-A-Thon

## Life On Mars

Four a half billion years ago, a rock was formed on mars by some volcanic process. Half a billion years later, this rock was broken into smaller pieces by a meteorite impact neatly. Some ground water also entered the rock. 16 million years ago, an asteroid hit mars somewhere near where this rock was, the impact threw pieces of rock, orbited the sun until 13,000 years ago, when it came close to the earth. This piece crashed onto an antarctic glacier over 13,000 years it reached the Allan hills region of antarctica, buried inside the ice. In 1984, this meteorite was discovered & named ALH84001. A large number of people worked out this history of the meteorite that we just narroted.

This year, a team lead by David Mckay of the American space organisation NASA, suggested that there seemed to be signs that life may have existed on this rock in some by gone era : The meteorite has some organic molecules, of the same family as naphthalene. When bacteria decay, such compounds are produced. Many meterorite do have such compounds. The meteorite has iron oxide of the sort which some bacteria on earth secrete. It has iron sulphide, which is produced by some anaerobic bacteria. The meteorite has some balls of carbonate material, which my be formed by some hiring. On the other hand, almost all earth bacteria are 100 time large than this material. The meteorite may contain very small fossils (less then hundred millionth of a milimeter). Nanobacteria are this size.




*- By Pranali Jani*
*(8th - E)*

# IR SENSOR

## ◈ What is IR Sensor?

– A Type of photo detictor that detects infrared radiation emitted by an object or surface with in field of view.

– Full form of IR Sensor is **Infrared Radiation.**

## ◈ How to make it in practical as follow step by step.

**Materials Need:**

– Arduino UNO board, IR Sensor, 3 male to female jumper wire are used, LEA.

– In IR Sensor there are 3 pins :


VCC, Ground, Output pin.

**Connect IR Sensor with jumper wires :**

– Attack one wire in VCC pinin IR and connect it with 5 V power in arduino. Attach one with GND in IR and connect with GND in power of arduino UNO. Last pin which it output connet it with and digital in UNO board.

– The setup the LED on UNO board in digital CPWM-S pin 13 & GND. In LEO long wire is (+ve) small wire (–ve) wire (+ve) in 13 pin & GND (–ve).

**This is how our Setup 100 Rs.**






*- By Diya Patel*
*(8th - E)*

# Unknown Freedom Fighters

## V.P. Menon



Vappala Pangunni Menon, affectionately known as V.P. Menon, was a big deal during India's fight for freedom from British rule. He was born in 1893 in Kerala, India. From a young age, Menon was super passionate about making India free.

When he was in college, Menon got really involved in protests against the British. He joined the Indian National Congress, which was the main group fighting for India's independence. He worked closely with famous leaders like Mahatma Gandhi and Jawaharlal Nehru.

One of the coolest things Menon did was help bring together all the different parts of India after it became independent. Some areas, called princely states, weren't part of British India but still needed to join the new country. Menon worked super hard with another leader, Sardar Vallabhbhai Patel, to convince these places to be part of India. It was a big job, but Menon's smart talks and skills in making deals helped a lot.

Even after India got its freedom, Menon didn't stop working. He took on different jobs that helped build the country. He even wrote a book called "Integration of the Indian States" that tells the story of how India came together after independence.

V.P. Menon's story is really inspiring. He showed that with hard work and determination, big things can happen. He's remembered as a hero who helped shape modern India.



*- By Diya Patel*
*(8th - E)*

# Life Values

## "લાલીયા ઈફેક્ટ"

પોરસ ચડાવતો ટીનિયો બોલ્યો 'અરે તમતારે ગમેએ દુકાનમાં ગમેએ શેરીમાં ગમેએ ઘરમાં જવાની તમને છુટ્ટી છે. હમણાંજ તમારા માટે રેડ પાસની વ્યવસ્થા પણ કરી આપીશ.' ટીનીયાને હોસ્પિટલ અને લેબમાં રોજનો આવરો જાવરો હતો ત્યાં ઓળખાણ કરી લીધેલી એટલે રેડ પાસની માથાકૂટ ન હતી. 'તમારો ખૂબ ખૂબ આભાર અમારા કામમાં તમારા સાથ સહકારની તાતી જરૂર હતી હવે અમે શાંતિથી અમારું કામ કરી શકીશું.' લાલીયાએ પોતાના શિકારને સૌથી પહેલા ટીનીયાના કબજામાં આપવાની ભાગીદારી કરી લીધી.

'સારું તો હવે અમે અમારું કામ શરૂ કરીએ શિકારના સંપર્કમાં આવશું તરત તમને જાણ કરશું આવજો મળતાં રહેશું.' લાલીયાએ ટાંટિયા તોડ તાવ લાવી દેનાર ટીનીયાનો આભાર માનીને વિદાય લીધી.

અલગ અલગ જગ્યાએ પોતાનું સૈન્ય સાબદું કરીને લાલિયો તેના પ્રથમ શિકાર સાથે એમ.જી.રોડની એક દુકાનના મુખ્ય ટેબલ પર અડિંગો જમાવીને બેઠો. જેટલા ગ્રાહકો આવે તેને પોતાના ચરણ સ્પર્શનો મોકો આપે અને પોતાની ઉત્પત્તિનો એક અંશ આશીર્વાદમાં આપે. ગરાગી ધીમે ધીમે વધવા લાગી તેમ તેમ હવે એવા ગ્રાહકો આવતા જે લાલીયાના ડરને લીધે હાથમાં સેનેટાઇઝર અને માસ્ક પહેરીને આવતા તેથી લાલિયો તાડુકી ઉઠતો અને પોતાનો એક અંશ આપવાની ઠગારી આશા બાંધતો અંતે આવા ગ્રાહકોને લાલિયો ઘુરકીને તુચ્છકારતો.

'હાલો ટીનીયા હું સાંઢીયાવાડ પહોંચી ગયો છું જલ્દી આવ.' લાલીયાએ પ્રથમ બનેલ મિત્ર ટીનીયાને (તાવને) ભાગીદારી નિભાવવાના નાતે કોલ કર્યો.

'એ બસ બે-ત્રણ પેશન્ટને જાડા-ઉલટી કરાવીને આવુ જ છું. લોકેશન વોટ્સઅપ કરી દે.'

ટીનીયાએ ડોકટરી ઢબમાં જાણે પેશન્ટની લાઈન લાગી હોય એમ કહ્યું.

'અહીંયા નેટ નથી પકડાતું taxt મેસેજ કરી દવ છું જલ્દી આવજે ત્યાં સુધીમાં બીજા ગ્રાહકને મળી લવ બાય.' લાલીયાએ ટીનિયો આવે ત્યાં સુધીમાં થોડો વધારે વકરો કરી લેવાની ગણતરી કરી નાખી.

'ત્યારે તમે હેમ ખેમ પહોંચી ગયા એમ ને.' ટીનયાએ લાલીયાને નાકનું ટીચકું ચડાવીને પોખ્યો. 'હા હવે બધા બોલાવે છે તો થયું કે ચાલ ભાવનગર પણ એક આટો મારતો જાવ.' 'લાલીયાએ ભાવનગર આવવાનો ઉમળકો દેખાડયો.

'આમતો જોકે ભાવનગરમાં અમારા ઘણા કુટુંબી આવ્યા છે એમાં એક સુરતનો પરિવાર પણ છે શુ નામ કીધું હતું મારા બાપાએ.. હા યાદ આવ્યું પીળિયો.' લાલીયાએ બાપાએ આપેલ ઓળખાણ સગવડતા માટે આગળ ધરી.

'એમતો મુંબઈમાંથી અહીં નવા નવા રહેવા આવેલા તમારા માસી પણ છે અને દિલ્હીથી હાંકી કાઢેલ તમારા કાકાને પણ અમે જ સંઘર્યા છે.' ટીનીયાએ ઓળખાણમાં વધારો કરી વાતનો દોર આગળ વધાર્યો.

'હા તો ટીનુભાઈ અમારી રહેવાની વ્યવસ્થા કેમ છે?' બહાર ગામ ગયેલ અજાણ્યા વ્યક્તિને સાંજ પડેને રહેવાની ચિંતા સતાવે એજ પરિસ્થિતિનો ઉઘાડ લીલીયાએ ટીનીયા સામે કર્યો. 'અરે તમ તમારે લેરથી રહો બધીજ વ્યવસ્થા થઈ ગઈ છે. એમ.જી રોડની દરેક દુકાને ખાલી નામનું બોર્ડ મુકાવ્યું છે બાકી તમે જશો એટલે એન્ટ્રી પાસ પણ નહીં માંગે.' ટીનીયાએ લીલીયાની રહેવાની મૂંઝવણનો ચપટી વગાડતા રસ્તો કરી આપ્યો.

'પણ ટીનુભાઈ અમારો પરિવાર વૃદ્ધિ જલ્દી પામે છે હો તો રહેવાની અગવડતા નહીં પડેને?' કયારનો મૂંઝવી રાખતો પ્રશ્ન અંતે લાલીયાએ પૂછી જ નાખ્યો.

'તમે કોણ, શુ નામ, કયું ગામ ?' લાલીયાને એક લાંબા ચાંદલા વાળા માસીએ પૂછ્યું.

'હું કોરોના, નામ covide-19, મૂળ ગામ વુહાન દેશ ચાઇના.' લાલીયાએ માસીને ઠાવકાયથી વળતો જવાબ આપ્યો. 'તારાથી બસવાનું કેમ ઈ કે 'લાંબા ચાંદલા વાળા માસીની બાજુમાં બેઠેલ સમજુ ડોશી મૂળ મુદ્દાપર તરત આવી ગયા.' સૌથી પહેલા આ સેનેટાઇઝરની બોટલ બહાર મૂકી આવો અને તમારું પહેરેલું માસ્ક ઉતારો અને બે મીટરથી થોડા નજીક આવો તો કહું.' લાલીયાએ શિકારી નજરે જાળ બેસારવાની શરૂઆત કરી દીધી પરંતુ એના એવા પેતરા કાઈ સમજુ ડોશીથી છાના થોડા રહે. સમજુ ડોશી સમજી ગયા કે લાલીયાભાઈ ઉર્ફે કોરોના સેનેટાઇઝર,માસ્ક અને દો ગજની દુરીથી ફેલાતો રોકી શકાય છે તરત ભાવનગર આખામાં ઢંઢેરો પિટાયો અને બધી દુકાનો, મોલ, શોપિંગ સેન્ટર, વગેરે જગ્યાઓએ તાત્કાલિક ધોરણે એની સગવડ ઉભી કરવામાં આવી.

બધી સગવડ હોવા છતાં જયાં ત્યાં રખડતા અમુક છેલબટાઉને કારણે લાલીયાનું કુટુંબ મુશળધાર વરસાદની જેમ વધવા લાગ્યું એટલે લાલીયાએ અને ટીનીયાએ સાથે જ ભાવનગરમાં અલગ અલગ સ્થળોએ પોતાની બ્રાન્ચ ખોલી નાખી હતી. મુખ્ય હેડ ઓફીસ સાંઢીયાવાડને જ રાખી હતી અને બાકીની નાની મોટી ઓફિસો જેવી કે નવાપરા, શિશુવિહાર, ભરતનગર, કાળિયાબીડ, ઘોઘાસર્કલ વગેરેને બનાવી હતી.

'હેલો માઈક ટેસ્ટિંગ વડલાથી માસ્ક પહેર્યા વગર 10 - 15 બાઈક સવારો નીલમ બાગ સર્કલ તરફ આવી રહ્યા છે સૈન્યને તૈયાર રહેવા તાકીદ ઓવર એન્ડ આઉટ.' લાલીયાએ મોંઘેરો માનવી પોતાની જાળમાં ફસાતો જોઈ વોકી ટોકીથી આગળની ટીમને સજજ રહેવા માટે સંકેત મોકલ્યો.

કોરોનાના કૌટુંબિક જીવનનો ખૂબ વિકાસ થઈ ગયો હતો. જયાં હોય ત્યાં સૈન્ય લડાય માટે સજજ હતું. શિકાર સંપર્કમાં આવે એટલે તરત ટીનીયાનો સહારો લઈ તાવ લાવી દેતા પછી ધીમે ધીમે બીજી બીમારીનું મોજું ફરિવળતું શરીરના સાંધાના દુખાવા, માથાનો દુખાવો અને સૌથી મોટો મૃત્યુની બીકનો દુખાવો તો ખરો જ. એમાં જો ઉંમર ખૂબ નાની હોય તો પણ પ્રોબ્લેમ અને ખૂબ મોટી હોય તો પણ, બી.પી. ની તકલીફ, ડાયાબિટીસની તકલીફ વગેરે જેવા રોગીનો પહેલા ભોગ લેવાતો.

સરકાર શ્રી દ્વારા આ સંક્રમણનો સામનો કરવા લોકડાઉન જેવી પરિસ્થિતિ ઉભી કરી પરંતુ સાંભળે કોણ?

'ઘરે કરિયાણાની સામગ્રી નથી એટલે બજારમાં લેવા જવું છે.' ડબલ સવારીની ના ફરમાવી હોવા છતાં નીકળી પડેલ એક દંપતીને ટ્રાફિક પોલીસે ઊભા રાખતા રોકડો જવાબ જોખી આપ્યો.

'બજારમાં માસ્ક અને બે મીટરની દૂરીનું ધ્યાન રાખજો.' ના છૂટકે સત્તાધારીએ જીવન જરૂરિયાતની ચીજનું નામ પડતા પોતાની સત્તાનો પોતેજ નાશ કર્યો.

જીવન જે પહેલા 60 થી 70 વર્ષની આયુનું હતું એ હવે ભગવાનભાઈ કંપની લિમિટેડ તરફથી કોઈ પણ પ્રકારની વેલીડિટી વગરનું થઈ ગયું. છીંક આવે એટલે માણસ તરત વિચારમાં પડવા લાગે મારી ફાઈલ હાથમાં લીધી હશે કે શું.?

'ટીનીચાભાઈ તાબડતોબ સર.ટી. હોસ્પિટલમાં હાલો ઓલા અમારા સુરતવાળા પીળિયાભાઈના કુટુંબના ગ્રાહકને દસ દિવસથી કોરનટાઈન કરી પીળીચાભાઈને હાંકી કાઢવાના પ્રયત્નો કરે છે તમે જલ્દી આવો. 'લાલીચાને કોરોના ગ્રસ્ત એક દર્દી હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ દરમિયાન તબિયત સુધરવાની બીક લાગતા એશિની સ્પીડે ટીનીચાભાઈની કાળિયાબીડ બ્રાન્ચે પહોંચ્યો.

'મારા માણસને મોકલી દીધો છે. અને એણે દર્દીને સારું થવાના રિપોર્ટ વોટ્સઅપ કર્યા હમણાં મેં એ દર્દીને પાછો તાવ અને માથાનો દુખાવો શરૂ થાય તેવા રસ્તા કરી આપ્યા છે. 'ટીનીચાભાઈએ કોરોનાના કુટુંબની જાળવણીની જવાબદારી સારી સંભાળી લીધી.

'હાશ તો વાંધો નહીં હું તો ટેનશનમાં આવી ગયો હતો કે સુરતમાં કોઈ માણસ જાતું નથી એના સિવાય અમારી પ્રજા એકલી જાય નહીં અને એમાં પીળીચાભાઈને કાઢી મુકશે તો.! પણ તમે બાજી સંભાળી લીધી તમારો આભાર ટીનિચાભાઈ. 'પોતાના પરિવારનું રક્ષણ કરવા બદલ લાલીચાભાઈ પાસે આભાર માનવા શબ્દો ઓછા પડયા.

બાય ધ વે કોંગરેચ્યુલેશન તમારો કબીલો દિવસેને દિવસે વધારીને અત્યારે 936 કેસે પહોંચાડી દીધો. હવે જવાનું કયારે છે.? ટીનીચાભાઈએ લાલીચાની વસ્તી વૃદ્ધિને અભિવાદન કરી વળાવવાની ઉતાવળ દેખાડી.

'હમણાં તો નહીં ભાવનગરીઓ સાથે મનમેળ થઈ ગયો છે. વખત આવે આ માનવીનું થોડું પાપ ઓછું થઈ જશે એટલે આખા વિશ્વમાંથી ઉડી જઈશું સૂરજના આવવાથી ઝાકળ ઉડી જાય એમ'



*- By Paras Makwana*
*(Social Science faculty)*

# કર્મનું ફળ

વાત બહુ જૂની નથી. સ્કોટલેન્ડમાં આવેલા મોટા-મોટા ખેતરોમાંથી એક ખેડૂત, જેનું નામ ફ્લેમિંગ હતું. એ ઝપાટાભેર જઈ રહ્યો હતો. એને ઘેર પહોંચવાની ઉતાવળ હતી. કેમકે આજે ઘરે એક મોટું કામ કરવાનુ હતું. જો એ કાર્ય ઘરે થઈ જાય તો એને ખૂબ નફો થાય એવું હતું. એ ઘરે જલ્દી પહોંચવાની ધૂનમાં હતો.

પણ...ત્યાં જ એના કાનમાં દૂર-દૂરથી કોઈ બાળકના કણસવાનો અવાજ આવ્યો. એના પગ થંભી ગયા. ફ્લેમિંગે વિચાર્યું, આ કોઈ બાળકનો અવાજ લાગે છે, ને એ રડે છે, કણસે છે. એટલે નક્કી એ એકલો જ હશે. એણે ચારે તરફ નજર કરી તો દૂર-દૂર કાદવમાં એક બાળક ફસાઈ ગયો છે, ને એ એમાંથી નીકળવાના હવાતીયા મારી રહ્યો છે.

એ જેમ-જેમ નીકળવાની કોશિશ કરે છે, એમ-એમ એ વધુ ને વધુ અંદર ફસાતો જાય છે. ખેડૂત ફ્લેમિંગે વિચાર્યું કે, અત્યારે જો આ બાળકને બહાર નહિં કાઢું તો કદાચ કંઈ ન બનવાનું બની જાય અને જો કાઢવા જઉં તો, ઘરે જઈ મોટું કામ કરી એનો મોટો લાભ જે મળવાનો છે, એ લાભ હું મોડો પડું તો ચાલ્યો જશે એ નક્કી! પણ... ફ્લેમિંગના મનમાં દયા હતી. દયા એટલે કોઈના દુઃખે દિલનું દ્રવી જવું.

ખેડૂત ફ્લેમિંગના દિલે એને આગળ વધતો અટકાવીને સીધો જ બાળકની મદદે મોકલી દીધો. એણે બાળકને ખૂબ સાચવીને કાદવમાંથી બહાર કાઢયો, ને પોતાના ઘરે લઈ જઈ નવડાવ્યો, ને ખવડાવ્યું. બાળક શાંત થયો, ત્યાં તો થોડીવારમાં એક મોંઘી કાર એના ઘરઆંગણે આવી ઊભી.

એમાંથી ઉતરેલા શ્રીમંતને જોઈ ફ્લેમિંગ કંઈ વિચારે એ પહેલા તો પેલો બાળક દોડયો ને ‘‘પપ્પા! પપ્પા!” કહેતો પેલા શ્રીમંત માણસને ભેટી પડચો અને એ શ્રીમંત માણસની આંખમાં આંસુ છલકાઈ આવ્યાં. એમણે દિકરાને તેડી લીધો, ને.. આભારવશ થઈ ખેડૂતની સામે ડોલરોની થપ્પી ધરી દીધી.

ફ્લેમિંગ ખેડૂત હતો. એ ધનાઢય નો’તો, પણ...દિલની અમીરાઈ હતી એની પાસે!

ખેડૂત ફ્લેમિંગ બોલ્યો, ‘‘સર! સત્કાર્યનો ચાર્જ ન હોય, સત્કાર્ય તો ચાર્જર છે. જે આપણા નસીબને ચાર્જ કરી દે છે.’’ ખેડૂત ફ્લેમિંગે જ્યારે વિનમ્રતાપૂર્વક પૈસા લેવાનો ઈન્કાર કર્યો, ત્યારે આ શ્રીમંત સજ્જને કહ્યું, ‘‘તો તમારે મારી એક વાત માનવી પડશે. તમારા છોકરાનો ભણવાનો તમામ ખર્ચ હું ઉઠાવીશ. એને જેટલું ભણવું હોય, ને જ્યાં જઈ ભણવું હોય, સંપૂર્ણ ભણવાનો ખર્ચ હું જ આપીશ.’’

ખેડૂત ફ્લેમિંગ આર્થિક દ્રષ્ટિએ પોતાના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ આપી નો’તો શકતો. એણે નીચી નજર કરી દીધી ને પછી ઈતિહાસ રચાયો. એ ખેડૂતનો છોકરો લંડનની પ્રખ્યાત, મોભાદાર સેન્ટ મેરી મેડિકલ હોસ્પિટલમાં સ્નાતક બન્યો, પછી વૈજ્ઞાનિક બન્યો. એનું વિશ્વ પ્રસિધ્ધ નામ, **‘‘એલેક્ઝાન્ડર ફ્લેમિંગ.’’**

એણે ઘણા સંશોધન કાર્યો કર્યા. ઘણી બધી દવાઓના નિર્માણ કર્યા અને એક દિવસ ઈતિહાસ રચાયો. એક અતિ ધનાઢય પરિવારનો દિકરો ગંભીર માંદગીમાં પટકાયો. એના બચવાની તકો ખૂબ ઓછી હતી. એ જ અરસામાં એલેકઝાન્ડર ફ્લેમિંગ 'Penicillin' ની શોધ કરી, જે આ બિમારી સામે અકસીર દવા સાબિત થઈ, જે આજેય જગ વિખ્યાત છે.

એ જ દવાએ આ ધનાઢ્ય પરિવારનો લાડકવાયો બચી ગયો અને આ ધનાઢ્ય પરિવારને જ્યારે ખબર પડી કે, આ દવાના શોધનાર સર એલેક્ઝાન્ડર ફ્લેમિંગ આટલા ઉચ્ચ સ્થાન સુધી પહોંચી શક્યા, આ ઉચ્ચ અભ્યાસ કરી શક્યા, અને આટલા મોટા વૈજ્ઞાનિક બની શક્યા, એનું શ્રેય આપણા જ પરિવારને ફાળે છે, ત્યારે તેઓ ગદગદ બની ગયા.

અને જ્યારે આ ધનાઢ્ય પરિવારને સર એલેક્ઝાન્ડર ફ્લેમિંગ ભેગા મળ્યા ત્યારે બંન્ને એકબીજાના આભારવશ લાગણીભીના બની ગયા. ખેડૂત ફ્લેમિંગ કહે, ''મારા દિકરાને તમે આટલે પહોંચાડ્યો.'' ધનાઢ્ય પરિવાર કહે, ''મારા દિકરાને તમે બચાવ્યો.'' અને આ ગંભીર બિમારી માંથી બચી ગયેલો યુવાન એટલે, સર વિન્સ્ટન ચર્ચિલ !

**બોધપાઠ :**

જમીન... વાવેલા દાણા પાછા આપે કે ન આપે, બેંક... મૂકેલા નાણા પાછા આપે કે ન આપે, પણ... કરેલા સારા કાર્યો તો એના મીઠા ફળ આપે આપે ને આપે જ! સમય પાકતા ને વખત આવતા, અને તેય અનેકગણા થઈને!

**એક નિ:સ્વાર્થ ભાવે કરેલું કાર્ય ક્યારેય નિષ્ફળ જતું નથી.**



*- By Mitaben Chauhan*
*(Social Science faculty)*

# સંભારણું

## MASS P.T.





## Tattvam Sports Academy



## Career Navigation Programme








વ્હાલા વિદ્યાર્થી મિત્રો તેમજ વાલીગણ
નમસ્કાર,



OAJ Institute of Science હવેથી દર મહિનાની 5 મી તારીખથી Monthly Magazine પ્રકાશિત કરવા જઈ રહ્યું છે જેનું નામ છે ''ઓજત્વ''. આ Magazine (ઓજત્વ) ના માધ્યમથી મારો નાનો એવો એક પ્રયત્ન એ છે કે વિદ્યાર્થી જીવનમાં પડતી મુશ્કેલીઓનો સામનો વિદ્યાર્થી કેવી રીતે કરી શકે તેવી પ્રેરણા મળે. અને તે માટેની પ્રેરણાત્મક નાની-મોટી વાતો આપણે અહીં કરતા રહેશું. તેમજ પરમાત્માને પ્રાર્થના કે આપ દરેક વિદ્યાર્થી ખુબ જ ઓજસ્વી બનતા રહો.

આપનો,
**ધિરેન સોની**
Managing Director
OAJ Institute of Science

## ... શિક્ષક માટે ...

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ।।४२ ।।

મનનો નિગ્રહ, ઈંદ્રિયોનું દમન, તપ, પવિત્રતા, ક્ષમા,
સરળતા, શાસ્ત્રોનું જ્ઞાન, આત્મા અને પરમાત્માનો અનુભવ
તેમજ આસ્તિકતા - આ શિક્ષકનાં સ્વભાવજન્ય કર્મો છે.(૪૨)

**શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય - ૧૮**

## ... વિદ્યાર્થી માટે ...

सुख दुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ।।३८ ।।

સુખ-દુઃખને, લાભ-અલાભને તથા જય-પરાજયને
સમાન ગણી યુદ્ધ માટે તું જોડાઈ જા;
એ રીતે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહીં. (૩૮)

**શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય - ૨**

OAJATVA

ઓજત્વ

A Magazine by OAJ EDUCATION SYSTEM

Honesty • Transparency • Dedication

OAJ®

INSTITUTE OF SCIENCE


**OAJ INSTITUTE OF SCIENCE**

**BHAVNAGAR. Mo. : 7433050505.**

**www.oajinstitute.com**